नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – **11**
No. of Printed Pages – **4**

# SS-24-Gujarati Sah.

## गुजराती साहित्य

**उच्च माध्यमिक परीक्षा, 2020**

**समय : 3¼ घण्टे**

**पूर्णांक : 80**

**પરીક્ષાર્થીઓ માટેના સામાન્ય નિર્દેશ :**

(1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

(3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

(6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

1. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો પણ વૃક્ષો જેવા જ હોય છે. સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો તજતા નથી. તેઓ ગમે તે સ્થિતિમાં હો, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહિ. જે બીજાના માટે જીવતો નથી, તેનું જીવન નિરર્થક છે. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે. – પં. સુખલાલજી

પ્રશ્નો :

(i) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે ? 2

(ii) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ? 2

(iii) ઉદાર મનુષ્યો શું કરે છે ? 2

(iv) કોનું જીવન નિરર્થક છે ? 2

(v) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. 2

2. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર **200** થી **250** શબ્દોમાં નિબંધ લખો : **10**

(i) જળ એ જીવન છે.

(ii) વૃક્ષ વાવો, જીવન બચાવો

(iii) જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ

(iv) પરિશ્રમ એ જ પારસમણિ

3. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી, યોગ્ય શીર્ષક આપો : **5**

એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ – દુકાનદારનો જવાબ ‘વધારે ઉંચકવું નહીં પડે’ – ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – દુકાનદારે પૂરા પૈસા માગવા – ગ્રાહકનો જવાબ – ‘વધારે પૈસા ગણવા નહિ પડે – બોધ.

4. નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર આશરે **100** શબ્દોમાં લખો : **3**

“વિપત પડે ના વલખીએ,
  વલખે વિપત ન જાય;
વિપત ઉદ્યમ કીજિયે,
  ઉદ્યમ વિપતને ખાય.

5. (અ) મંદાક્રાંતા છંદનું બંધારણ સદષ્ટાંત સમજાવો. **2**

(બ) ઉપમા અથવા વ્યાજસ્તુતિ અલંકારની વ્યાખ્યા લખી, ઉદાહરણ આપો. **2**

(ક) વિરુદ્ધાર્થી શબ્દો લખો : **2**

(i) ઈચ્છા

(ii) ભીની

(ડ) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી, વાક્ય પ્રયોગ કરો : **2**

હરખ ન માવો.

(ઈ) (i) નિષેધ વાક્ય બનાવો : **1**

તમે બહાદુર છો.

(ii) વિધિ વાક્ય બનાવો. **1**

પિતાજી ! આપ ચિંતા ન કરશો.

(ફ) શબ્દ-સમૂહ માટે એક શબ્દ લખો.

(i) જેના આવવાની તિથિ નક્કી ન હોય તે **1**

(ii) ભગવાનના ચરણ ધોવા વપરાયેલું જળ **1**

6. નીચેનો પઠિત ગદ્યાંશ વાંચીને, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો :

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું તેની કુમળી આંગળી પકડીને દરરોજ એને જાણવા જેવું બધુ જ શીખવજે. બની શકે તો બધા પાઠ મૃદુતાથી શીખવજે. એણે બધુ શીખવું તો પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતા. પણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે, તો બીજી બાજુ સંત લોકો પણ છે.

પ્રશ્નો :

(i) આ જગતમાં વસવા માટે શેની જરૂરત છે ? **2**

(ii) લેખક જગતને શું કરવાનું કહે છે ? **2**

(iii) લેખકના મતે દુનિયાના લોકો કેવા છે ? **2**

7. નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો : **8**

(i) સૈનિકે નર્સને ચૂપચાપ આયનો શા માટે આપી દીધો ?

(ii) કંસારીને કયા ત્રણ મિત્રો તેના કામમાં મદદ કરતા હતા ?

(iii) જેસલમેરના કિલ્લામાં કયા-કયા મંદિરો આવેલા છે ?

(iv) વર્ષાના પિતા શર્માજીની ખાંસી શા કારણે વધી ગઈ હતી ?

(v) પેટમાં કયા પાંચ મહાભૂતોને આશ્રય આપ્યો છે ?

8. ગદ્યખંડના આધારે **100** થી **150** શબ્દોમાં કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી લખો : **6**

(i) માણસે પોતાની યોગ્યતા અથવા લાયકાત શા માટે વધારવી જોઈએ ?

(ii) રાજસ્થાનના ખેડૂતોએ ઓછા પાણીના કારણે ખેતીક્ષેત્રે શોધેલા ઉપાયો જણાવો.

(iii) રેવતી-અમરો સામાજિક રીતે ગરીબ છે અને વ્યક્તિ તરીકે અમીર છે એવું શા ઉપરથી કહી શકાય ?

9. નીચેના કોઈપણ બે પ્રશ્નોના જવાબ **આઠ થી દસ** વાક્યમાં લખો : **8**

(i) 'મન નો ડગે' કાવ્યને આધારે સાચા હરિજનના લક્ષણ વર્ણવો.

(ii) કલ્યાણ ક્યાં વીરગતિ પામ્યો ? તેના હૃદયમાં શું રહેલું હતું ?

(iii) 'ચાલ, ફરીએ' કાવ્ય દ્વારા કવિ આ જગતમાં કેવી રીતે રહેવાની શિખામણ આપે છે ?

10. નીચેનામાંથી કોઈપણ બે કાવ્ય-પંક્તિઓ કાવ્યના આધારે સમજાવો : **8**

(i) ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

(ii) દ્રવે કરપીને દ્રવે દાતાર, દ્રવે ઉગાર ને દ્રવે માર
દ્રવથી શત્રુ ને દ્રવથી મિત્ર, દ્રવે નીચને દ્રવે પવિત્ર.

(iii) "શૂરવીરને જસનો લોભી, હિંમત મદિરા પીએ;
ઉમંગથી તે ધસી વધે વા, ખૂબ ટકાવી રાખે."

11. તડકાની સર્વવ્યાપકતા વિશે લખો. **4**

**અથવા**

'ના હઠવું' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

---